

# સેક્ટર-૬માં ખુલ્લો પ્લોટ બન્યો ગંદકીની વસાહત

**ગેરકાયદેસર દબાણકર્તાઓના જાહેરમાં નાહવા-ધોવા ઉપરાંત ખુલ્લામાં શૌચક્રિયાઓ કરવાથી રોગજન્ય ગંદકીનો ફેલાવો : રહીશો દ્વારા અનેક રજૂઆતો છતાં અગમ્ય કારણોસર તંત્રના આંખ મિચામણાં : દબાણકર્તાઓની દાદાગીરી અને તંત્રની ઉદાસીનતાથી રહીશો લાચાર**





(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરના સેક્ટર-૬માં ખુલ્લા પ્લોટમાં કેટલાક શ્રમજીવીઓ દ્વારા ઘણા સમયથી ગેરકાયદેસર દબાણ કરવામાં આવ્યું છે. આ દબાણકર્તાઓ દ્વારા સમગ્ર પ્લોટમાં નાહવા-ધોવાથી માંડીને જાહેરમાં શૌચક્રિયા સુદ્ધાં કરવામાં આવી રહી છે. જેના કારણે ગંદકી અને દુર્ગંધ ફેલાવા પામી રહી છે. આ પ્લોટની આસપાસના રહીશો આ દબાણ કર્તાઓના ગેરકાયદેસર વસવાટ અંગે અનેક રજૂઆતો કરી હોવા છતાં તંત્ર દ્વારા અગમ્ય કારણોસર આંખ આડા કાન કરાઈ રહ્યાં છે. હવે તો ચોમાસાની ઋતુ ચાલુ થઈ જતા આ સમસ્યા વધુ વિષમ બનવા પામી છે.

દબાણકર્તાઓ દ્વારા બેરોકટોકપણે કરાઈ રહેલી ગંદકીના કારણે આ વિસ્તારમાં રોગજન્ય જીવાણુઓ પેદા થવાની ભીતિ સેવાઈ રહી છે. પ્લોટની નજીકના રહીશો આ પરિસ્થિતિથી ત્રાહિમામ પોકારી ગયા છે અને અનેકવાર તેમણે દબાણકર્તાઓને પણ પ્લોટ ખાલી કરી દેવા અથવા સ્વચ્છતા જાળવવા જણાવ્યું પરંતુ ઉલ્ટા ચોર કોટવાલ કો દંડે તેમ દબાણકર્તાઓ રહીશો સાથે જીભાજોડી પર ઉતરી આવે છે અને 'તમારાથી જે થાય તે કરી લો, અમે અહીંથી હટવાના નથી' તેવા નફ્ફટાઈભર્યા જવાબો સંભળાવે છે. આ દબાણકર્તાઓ કયા પીઠબળના આધારે 'દાદાગીરી' કરી રહ્યાં છે તે રહીશોને સમજાતુ નથી. રહીશોએ અનેકવાર સુવિધા ઈન્કવાયરી ઓફિસમાં ફરિયાદો કરી, નગરસેવકો, કાઉન્સિલર્સ અને સફાઈતંત્ર વગેરેને રજૂઆતો કરી હોવા છતાં આ બાબતે કોઈ જ પગલા લેવાતા નથી તે આશ્ચર્યજનક છે.

હવે ચોમાસાની ઋતુનો પ્રારંભ થઈ જતા ગંદકી અને અસ્વચ્છતાને કારણે રહીશોના આરોગ્ય પર ખતરો મંડરાઈ રહ્યો છે. સત્વરે આ પ્લોટ પરથી ગેરકાયદેસર દબાણકર્તાઓને હટાવી સમગ્ર વિસ્તારની સાફ-સફાઈ કરવામાં આવે તેવી આ વિસ્તારના રહીશોમાં તીવ્ર માંગ ઉઠવા પામી છે.

## પાટનગરમાં જુની ચલણી નોટો બદલાવામાં નગરજનોનો નબળો પ્રતિસાદ

### ૨૦૦૫ પહેલાંની નોટો બદલવા માટેની મુદત ૩૦ જૂન સુધી, તે પછી પૂરાવા રજુ થયે નોટો બદલી શકાશે

ગાંધીનગર, તા. ૨૪

ભારતીય મુદ્રા ગણાતી ચલણી નોટોની સલામતી જળવાય તે હેતુસર કેન્દ્ર સરકાર દ્વારા તમામ ચલણી નોટ પાછળ સાલ ન લખેલી હોય તેવી ચલણી નોટોને બજારમાંથી પાછી ખેંચી રહી છે. જે અન્વયે રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાએ તમામ બેંકને નિર્દેશ જારી કરી આવી નોટ બદલી આપવા જણાવ્યું છે. જેની મુદત તા. ૩૦ જૂન-૨૦૧૫ છે. છતાં રાજ્યના પાટનગરના રહીશોમાં આવી નોટો બદલવા માટેનો નબળો પ્રતિસાદ સાંપડ્યો છે. જો કે બની શકે કે અગાઉથી જ આ અંગે નગરજનો સતર્ક હોય અને આ કાર્યવાહી પુર્ણ કરી લીધી હોય છતાં પણ છ દિવસના સમય દરમ્યાન હજુ પણ જુની નોટો બદલી શકાય છે.

દેશની સર્વોચ્ચ બેંક રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ વર્ષ-૨૦૦૫ પહેલાંની જુની નોટોને ચલણમાંથી દૂર કરવા પ્રયાસો જારી રાખ્યા છે અને આ અંગે લોકોને બેંકો દ્વારા જાણકારી પણ પૂરી પડાઈ છે. વર્ષ-૨૦૦૫ પહેલાની જુની નોટો બદલવા માટે અગાઉ પણ મુદતો અપાઈ હતી જેમાં વધારો કરી હવે ૩૦ જૂન સુધી બદલવા જણાવી દેવાયુ છે. આવી વર્ષ ૨૦૦૫ પહેલાની ચલણી નોટની ઓળખ સામાન્ય રીતે નોટની પાછળ સાલ લખેલી નથી. જ્યારે ૨૦૦૫ પછી તમામ ચલણી નોટની પાછળ જે વર્ષમાં તે નોટ છપાઈ હોય તે વર્ષ છાપેલુ છે. જેથી નોટ બદલવામાં નાગરીકોને સરળ બની શકે છે. જો કે ૩૦ જૂન પછી પણ આવી નોટ માન્ય જ ગણાશે પરંતુ એવી નોટને બેંકમાં બદલવા માટે જે તે નાગરીકે પુરાવા રજુ કરવાના રહેશે.



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

ગાંધીનગરની બેંક્સ તરફથી મળેલા સમાચાર મુજબ નગરજનો ૨૦૦૫ પહેલાની ચલણી નોટ બદલવા માટે નિરૂત્સાહી છે. અથવા તો તેઓએ તે કાર્યવાહી પુર્ણ કરી દીધેલ છે. કારણ કે નગરની બેંકોમાં નોટો બદલવા અંગેની જે કામગીરી છે તે બિલકુલ નહીવત રહેવા પામી છે. રિઝર્વ બેંક દ્વારા ૨૦૦૫ પહેલાંની નોટો બજારમાંથી પાછી ખેંચવા પાછળ સલામતી હોવાનું જણાવી રહી છે. હાલ ચલણમાં અને ૨૦૦૫ પછીની નોટોમાં સુરક્ષા અને સલામતીના અનેક ફીચર્સ ઉપલબ્ધ છે. જ્યારે ૨૦૦૫ અગાઉ ઓછા હતા. જેથી દરેક નાગરીકો ૩૦ જૂન પહેલા વર્ષ ૨૦૦૫ પહેલાની ચલણી નોટો બેંકમાં બદલાવી દેવા જણાવી દેવાયુ છે અને તે માટે હવે ફક્ત છ દિવસનો સમય રહ્યો છે.

## આબેહૂબ જાલી નોટો કોઈ શખ્સો બેંકમાં થપાવી ગયા..!

**બેંક ઓફ બરોડા વિધાનસભા બ્રાન્ચમાં ૩૪ જાલી નોટો જમા થઈ ગઈ : લોકલ ક્રાઈમ બ્રાન્ચે તપાસ શરૂ કરી**

ગાંધીનગર, તા. ૨૪

સામાન્ય નાગરીક કે જેને ચલણી નોટ અસલી છે કે નકલી તેની ચકાસણી કરવા અભ્યાસ કરવો પડે અને તેને કોઈ સરળતાથી જાલી નોટ પધરાવી જાય તે સહજ બાબત છે પરંતુ રાત-દિવસ ચલણી નોટોની હેરાફેર તથા આપ-લે કરતા તથા નકલી-અસલી નોટનું ઊંડુ જ્ઞાન ધરાવતા બેંક અધિકારીઓને પણ કોઈ ગઠીયા જાલી નોટો થપાવીને ચાલ્યા ગયા હોવાની વિગતો પ્રકાશમાં આવી છે. આબેહૂબ જાલી નોટ બનાવીને બેંક ઓફ બરોડા વિધાનસભા બ્રાન્ચમાં કોઈ શખ્સો રૂ. ૧૦૦, ૫૦૦ અને ૧ હજારની કુલ ૩૪ જાલી નોટો થપાવીને જતા રહ્યા ને બેંકને ખ્યાલ પણ ન આવ્યો. હવે ખ્યાલ આવ્યો ત્યારે પોલીસ ફરીયાદ કરતાં સે. ૭ પોલીસે ગુનો દાખલ કર્યો છે. સમગ્ર ગંભીર ઘટના અંગે લોકલ ક્રાઈમ બ્રાન્ચે ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

બેંક ઓફ બરોડા વિધાનસભા બ્રાન્ચના કેશ ઓફીસર જયેશભાઈ વિનોદચંદ્ર ત્રિવેદીએ સેક્ટર-૭ પોલીસમથકમાં આપેલી ફરીયાદ મુજબ સપ્ટેમ્બર-૨૦૧૪ થી એપ્રિલ-૨૦૧૫ સુધીના સમયગાળા દરમ્યાન તેમની બ્રાન્ચમાં કોઈ ગઠીયાએ તબક્કાવાર અલગ અલગ દરની ચલણી નોટો થપાવી ગયા છે. રૂ. ૧૦૦ની એક, રૂ. ૫૦૦ની ૨૧ અને રૂ. ૧૦૦૦ની ૧૨ ડુપ્લીકેટ નોટો કોઈ શખ્સો બેંકમાં જમા કરાવી ગયા છે. તેમની ફરીયાદને આધારે સે. ૭ પોલીસે અજાણ્યા શખ્સો સામે ભારતીય અર્થતંત્રને તોડવાનું ષડયંત્ર કરવા અંગેનો ગુનો દાખલ કર્યો છે. આ ઘટનાની ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચે ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

## કોલવડા પ્રાથમિક શાળાના આચાર્યની બદલી

### આચાર્ય સામેના આરોપોની તપાસ માટે પેનલ ઈન્કવાયરી : રાજકીય દબાણ પણ તંત્ર પર વધ્યુ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર તાલુકાના કોલવડા પ્રા. શાળાના શિક્ષક ગુમ થવાના પ્રકરણમાં શાળાના આચાર્યની તાત્કાલિક અસરથી બદલી કરવામાં આવી છે તેમજ તેમની સામે કરાયેલા આક્ષેપો અંગે ત્રણ અધિકારીઓની પેનલ ઈન્કવાયરી નિમવામાં આવી છે.

કોલવડાની પ્રા. શાળાનો શિક્ષક જે આચાર્યના ત્રાસથી ઘર છોડી જતો રહ્યો હોવાની ઘટનાના ઘેરા પ્રત્યાઘાતો શિક્ષણ જગતમાં પડ્યા છે. આ બનાવને ગંભીરતાથી લઈ શિક્ષણ શાખા દ્વારા આચાર્ય સામેના આક્ષેપોની તપાસમ માટે પેનલ ઈન્કવાયરી શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આચાર્ય સામે શિક્ષાત્મક પગલાં ના લેવાય તેમજ તપાસના હાથ ધરવામાં આવે તેને લઈ રાજકીય માથાઓ પણ તંત્ર પર દબાણ લાવી રહ્યા છે તો બીજી તરફ શિક્ષકો પણ દબાણ ઉભુ કરી તપાસ કરી આચાર્ય સામે પગલાં લેવામાં આવે તેવી માંગણી કરી રહ્યા છે.

છેલ્લા બે દિવસથી શિક્ષક આગેવાનો પણ ગાંધીનગરમાં આગેવાનો તેમજ મંત્રી સહિતના ઉચ્ચ અધિકારીઓને મળી રજુઆત કરી રહ્યા છે.

દરમ્યાન આજે તંત્રએ આચાર્યની હાલ બદલી કરવાનું મુનાસિબ માન્યુ છે અને તેમને બદલીના હૂકમની બજવણી કરી દેવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. પેનલ ઈન્કવાયરીનો અહેવાલ આવ્યા બાદ આગળના પગલાં નક્કી થશે તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

## શ્રી જય અંબે પરિવાર ગાંધીનગરની નવી કારોબારીની રચના કરાઈ

ગાંધીનગર, તા. ૨૪

મા જગદંબાની કૃપાથી અઢી દાયકાથી ગાંધીનગર અંબાજી પદયાત્રા સંઘના નેજા હેઠળ જુજ વ્યકિતના સમુહમાંથી હવે શ્રી જય અંબે પરિવાર ગાંધીનગર નામે પદયાત્રા તરીકેની સંસ્થાને હજારથી વધુ સન્માન્ય દાતાઓ અને શુભેચ્છકો મળ્યા છે.

ગત વર્ષે સંપન્ન થયેલ રજત જયંતી મહોત્સવ દરમિયાન મા અંબાજીના નીજ મંદિરની દિવ્ય જયોત, જળ કળશ શોભાયાત્રા, ધર્મધજા આરોહણ પ્રાચીન ઢબે વાંસના બનાવેલ યજ્ઞ મંડપમાં અભિભૂત સભર પંચ દિવસીય સહસ્ત્ર ચંડી મહાયાગ મંત્ર લેખન, કલાત્મક ગબ્બરદર્શન ઘીમાંથી બનાવેલ મૂર્તિઓ, રકતદાન, રોગ નિદાન શિબિરો વગેરે કાર્યક્રમો યોજેલ જેને લોકો વાગોળે છે. તાજેતરમાં મળેલી મીટીંગમાં શ્રી લલિતભાઈ પટેલે સામાજિક મર્યાદાઓ હોવા છતાં સૌની માગણીથી પ્રમુખ તરીકે સરવાનુમતે સુકાન સંભાળ્યું છે.

આ બેઠકમાં એક મહામંત્રી, ચાર ઉપપ્રમુખ, બે મંત્રી, બે સહમંત્રી, બે સંગઠન મંત્રી, એક ખજાનચી, બે સહ ખજાનચી, એક ઓડીટરની વરણી સર્વાનુમતે કરવામાં આવેલ છે. ૧૬ સમિતિઓના કન્વીનર્સ, સહ કન્વીનર્સ તેમજ કારોબારી મળીને ૭ નામોની સર્વાનુમતે ફરજો નક્કી કરવામાં આવી હતી. મહિલા પાંખમાં પણ સલાહકાર કન્વીનર-સહ કન્વીનર, કારોબારી સભ્યોની પરિવારને સેવા મળશે. અધિક માસની અમાસના દિવસે આનંદનો ગરબો યોજાશે. દર પૂનમે કાર્યાલયમાં સ્વાધ્યાયનો કાર્યક્રમ રાત્રે યોજાશે તેમ મહામંત્રીશ્રી વિષ્ણુભાઈ જે. પટેલે જણાવેલ છે.

## કોબા ગામના અગ્રણી ભીખાભાઈ વાળંદનું નિધન



ગાંધીનગર તાલુકાના કોબા ગામના સરપંચ યોગેશભાઈ નાયીના પિતાશ્રી ભીખાભાઈ કચરાભાઈ વાળંદનું તા. ૨૦મી જૂને દુઃખદ અવસાન થયું છે. સ્વ. ભીખાભાઈ વાળંદ ટપાલ વિભાગના કર્મચારી હતા અને કોબા ગામના અગ્રણી, સમાજસેવક પણ હતા. સ્વર્ગસ્થ તેમના સેવાકાર્યો, શિક્ષણ, ધાર્મિક સેવા વગેરેને લગતા સત્કર્મોથી ગ્રામજનોના હૃદયમાં આગવું સ્થાન ધરાવતા હતા. તેઓએ કોબા ગામને આદર્શ ગ્રામ બનાવવાનું સ્વપનું સેવ્યું હતું. તેઓએ પ્રેરણારૂપ માર્ગદર્શક પિતાની ભૂમિકા પણ સુપેરે ભજવી હતી. તેમના જવાથી કોબા ગામને ન પુરાય તેવી ખોટ પડવા પામી છે અને ગ્રામજનોમાં ઘેરા શોકની લાગણી છવાઈ જવા પામી છે. સદ્ગતનું બેસણું તા. ૨૬મી જૂન, શુક્રવારે સવારે ૮ થી ૧ વાગ્યા દરમ્યાન કોબા ગામના રામજી મંદિરે રાખવામાં આવ્યું છે.

## કોન્ટ્રાકટરને રૂપિયા આપવા બોલાવી માથે સળીયો ફટકાર્યો

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરના એક કોન્ટ્રાકટરે મકાન બનાવી આપ્યા બાદ પાર્ટી પાસેથી બાકીના લેવાના નિકળતા રૂ. ૧.૨૦ લાખની ઉઘરાણી કરતાં સે-૨૪ પાસે બોલાવી ત્રણ શખ્સોએ ઢોર માર મારી માથામાં લોખંડનો સળીયો ફટકારી દીધો હોવાની ઘટના બનવા પામી છે. કોન્ટ્રાકટરે સે-૨૧ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા ત્રણ શખ્સો સામે ગુનો દાખલ થવા પામ્યો છે.

સેકટર-૨૫ સુર્યનારાયણ સોસાયટીમાં રહેતા કોન્ટ્રાકટર રાજેશભાઈ પ્રજાપતિએ એક પાર્ટીનું મકાન બનાવી દીધું હતું. જે પ્રકરણે રૂ. ૧.૨૦ લાખ પાર્ટી પાસેથી લેવાના નિકળતા હોવાથી ઉઘરાણી કરતાં હતાં. રૂપિયા આપવા માટે સે-૨૪ સિધ્ધિ વિનાયક ફેબ્રીકેશન દુકાન પાસે બોલાવી આજે સવારે ત્રણ શખ્સો વિક્રમ વાઘેલા, દશરથ વાઘેલા અને રાજુ વાઘેલાએ મળી કોન્ટ્રકટરને ઢીબી નાંખ્યો હતો. દશરથ વાઘેલાએ કોન્ટ્રાકટર રાજેશભાઈના માથે લોખંડનો સળીયો મારતા લોહી લુહાણ થઈ ગયા હતાં. આ બનાવ અંગે રાજેશભાઈની ફરિયાદને આધારે સે-૨૧ પોલીસે ત્રણેય શખ્સો સામે આઈપીસી કલમ ૩૨૪ મુજબ ગુનો દાખલ કરી આરોપીની ધરપકડ માટે તજવીજ શરુ કરી છે.

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૭
સૂર્યાસ્ત : ૭.૩૦

### તાપમાન

મહત્તમ : ૨૯.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૬.૦ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૭૬ ટકા ● સાંજે ૯૬ ટકા
વરસાદ સાંજે - ૫-૩૦ સુધી
૬૨ મી.મી

### મનોરંજન

**સિટીપલ્સ**

**સ્ક્રીન-૧ :**
એબીસીડી - ૨ : ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૨ :**
એબીસીડી - ૨ : ૧૨.૩૦, ૩.૩૦
જુરાસિક વર્લ્ડ (હિન્દી) : ૭.૦૦, ૯.૩૦

**સ્ક્રીન-૩ :**
જુરાસિક વર્લ્ડ (હિન્દી) ૩ડી : ૫.૦૦
એબીસીડી - ૨ : ૧૧.૦૦, ૨.૦૦, ૭.૧૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૪ :**
જો બકા : ૧૦.૦૦
તનુ વેડ મનુ ૨ : ૧૨.૪૫
હમારી અધુરી કહાની : ૩.૩૦, ૧૦.૦૦
દિલ ધડકને દો : ૬.૩૦

**સ્ક્રીન-૫ :**
એબીસીડી - ૨ : ૧૦.૦૦
જુરાસિક વર્લ્ડ (હિન્દી) ૨ડી : ૧૨.૪૫, ૩.૧૫
જુરાસિક વર્લ્ડ (અંગ્રેજી) ૨ડી : ૫.૩૦, ૭.૪૫

### આપની આજ

**મેષ** : વેપાર અર્થે થયેલો પ્રવાસ લાભદાયી બની શકે છે.નાણાંકીય સ્થિતિ મજબૂત બનતી જણાય. માનસિક ચિંતા હળવી બને. વિશેષ કાર્યો માટે યાત્રા પ્રવાસ વગેરે થશે.

**વૃષભ** : પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યો થશે. આર્થિક મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. વિદેશનાં અટકેલા કાર્ય પૂર્ણ થઈ શકે છે. યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકે છે.

**મિથુન** : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિ થઈ શકશે. આર્થિક પ્રવૃત્તિઓ માટે વિશેષ દોડધામ અને ગહન સંશોધનનો યોગ. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી.

**કર્ક** : જ્ઞાન વૃદ્ધિના કાર્ય થશે. રાજકીય ક્ષેત્રમાં ધન વૃદ્ધિનો વિશેષ યોગ. કાર્યક્ષેત્રે સમય સફળતા અપાવનારો બની રહે. માનસિક ચિંતા હળવી બનતી જણાય. સંતાન સંબંધી પ્રશ્નોનો ઉકેલ આવી શકે છે.

**સિંહ** : વ્યાપાર-વ્યવસાય મધ્યમ રહેશે. આર્થિક ક્ષેત્રમાં વિશેષ યાત્રાઓ અને મહત્વપૂર્ણ પ્રવૃત્તિ થઈ શકે છે. વારસાગત મિલકતની પ્રાપ્તિ થઈ શકે છે. સ્પર્ધાત્મક બાબતોમાં સફળતા મળી શકે છે.

**કન્યા** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. પ્રતિષ્ઠા ઉપલબ્ધિ વિશેષ ચિંતન સંબંધી વિશેષ યોગ. યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકે છે. જૂના સ્નેહી મિત્રો સાથે મુલાકાત થઈ શકે છે. દિવસ આનંદમય રીતે પસાર થાય.

**તુલા** : સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકે. ભાગ્યથી પ્રગતિ અને આધ્યાત્મિક લાભ થશે. જીવનસાથીનો પૂર્ણ સહયોગ પ્રાપ્ત થશે. માનસિક ચિંતા હળવી બનતી જણાય.માંગલિક પ્રસંગોનું આયોજન થઈ શકે છે.

**વૃશ્ચિક** : પ્રયત્નોથી સફળતા મળશે. વ્યાપારી વર્ગને લાભ થવાની શકયતાઓ છે. ભાગ્યોદયની તક મળી રહે.સામાજિક જવાબદારીમાં વધારો થઈ શકે છે. કૌટુંબિક વિખવાદોનો અંત આવતો જણાય.

**ધન** : બુદ્ધિથી મુશ્કેલી દૂર થશે. આરોગ્યની કાળજી રાખવી. આર્થિક મુશ્કેલીઓ દૂર થતી જણાય. માંગલિક પ્રસંગોમાં ભાગ લેવાનું બની શકે છે. કૌટુંબિક સમસ્યાઓ થઈ શકે છે.

**મકર** : કુટુંબના સહયોગથી દિવસ ઉત્સાહપૂર્વક પસાર થશે. જૂના મિત્રો- સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકે છે. તમારા પ્રયાસોની લોકો પ્રશંસા કરશે. સંતોષપ્રદ વાતાવરણ રહેશે.

**કુંભ** : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જેનો લાભ ભવિષ્યમાં થશે. પ્રયત્નો ચાલુ રાખવા. અટકાયેલા કાર્યો પૂર્ણ થઈ શકે છે. માનસિક ચિંતા હળવી બનતી જણાય.

**મીન** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થઈ શકે છે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થશે. સ્થાયી સંપત્તિની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે. દિવસ આનંદમયરીતે પસાર થઈ શકે છે. વિરોધી હેરાન કરવાની સંભાવના છે.

### ચિરવિદાય

- સ્વ. ગોદાવરીબેન પ્રહલાદભાઈ પટેલ (ઉ.વ.૯૦) મુ. સોનીપુર, તા.જી.ગાંધીનગર
- સ્વ. પંચાલ પુનમબેન હરિભાઈ પ્લોટ નં. ૧૧૧૨/૧, સે-૨ડી, ગાંધીનગર
- સ્વ. શકરીબેન રામાજી સોલંકી (ઉ.વ.૯૦) મુ. ડભોડા, આનંદપુરા, તા.જી. ગાંધીનગર
- રમણજી ચુંથાજી ઠાકોર (ઉ.વ.૬૫) મુ. મોટી આદરજ, કલ્યાણજીનું પરુ, તા.જી.ગાંધીનગર
- સ્વ. રાણા કેશાજી મગનજી (ઉ.વ.૬૦) મુ.ધણપ, તા.જી. ગાંધીનગર
- સ્વ. નરેન્દ્રભાઈ રતિલાલ પંડ્યા (ઉ.વ.૫૫) પ્લોટ નં. ૯૬૮/૧, સેકટર-૨સી, ગાંધીનગર
- સ્વ. ધનીબેન ધનજીભાઈ સોલંકી, (ઉ.વ.૬૪) પ્લોટ નં. ૩૦૮/ ૨, સે-પેએ, ગાંધીનગર
- સ્વ. જશોદાબેન ગણપતભાઈ વાઘેલા (ઉ.વ.૬૫) પ્લોટ નં. ૪૭૩/ ૧, સે-૭બી, ગાંધીનગર